# Chapter-9

## ગૃહપ્રધાન સરદાર વલ્લભભાઇ પટેલ અને સનદી સેવાના રચનાત્મક કાર્યો

Dr. Vipul Patel
Principal
Gandhi Vidyalaya, Asarawa, Ahmedabad, Gujarat, India.

**સારાંશ(Abstract):**

23 ઓગસ્ટ 1947ના રોજ દેશના પ્રથમ ગૃહપ્રધાન અને નાયબ વડાપ્રધાન તરીકે સરદાર વલ્લભભાઈ પટેલે હોદ્દો ગ્રહણ કર્યો. દેશની એકતા અને અખંડિતતાનો સર્વાંગી વિકાસ થાય તેવા અભિગમ થકી દેશનું વહીવટી માળખું મજબૂત બને તો સામાન્ય લોકોને સરકારની કામગીરી અને સેવાકીય પ્રવૃતિનો લાભ આપી શકાય. કેન્દ્ર સરકારની વહીવટી સુદ્રઢતા વ્યાપક બને એ માટે ઇન્ડિયન સિવિલ સર્વિસ હોવી અનિવાર્ય છે. ભારતના પ્રથમ વડાપ્રધાનશ્રી જવાહરલાલ નેહરૂ અને ઘણા બધા પ્રધાનોના વિરોધ વચ્ચે સરદાર પટેલે ઇન્ડિયન સિવિલ સર્વિસ બિલ વિરોધ વચ્ચે પણ  લોકસભામાં બિલ પસાર કરાવ્યુ. દીર્ઘદ્રષ્ટા અને રાષ્ટ્રસેવાના પ્રકલ્પને ઉજાગર કરનાર સરદાર વલ્લભભાઈ પટેલ સિવિલ સર્વિસના જનક કહેવાય છે.તેમણે સરકારને ખાતરી આપી કે ભલેને સિવિલ સર્વિસના લોકોએ અંગ્રેજોના શાસનકાળ દરમિયાન ભારતની પ્રજા ઉપર તેમણે ત્રાસ ગુજાર્યો હશે પરંતુ લોકશાહીમાં તેઓ ભારતના વહીવટી વ્યવસ્થાને સમૃદ્ધ અને સુંદર બનાવશે તેવી મને ચોક્કસ ખાતરી છે. મારો સિવિલિયન લોકો પર સંપૂર્ણ વિશ્વાસ છે. તેઓ પોતાની ફરજમાં પ્રમાણિક અને લોક સેવક બનીને કાર્ય કરશે. સરદાર પટેલના પુરુષાર્થને સિવિલિયન લોકોએ સ્વીકારેલ. આજે ઇન્ડિયન સિવિલ સર્વિસના જે લોકો સનદી અધિકારી બને છે તેની પાયાની નીવ મૂકનાર સરદાર સાહેબ હતા.

VOICE OF UNITY: Sardar Vallabhbhai Patel and the Making of Modern India
Dr. Ashish Paatiwala & Ms.Shital Koisa
ISBN: 978-81-991164-9-8 DOI: https://doi.org/10.64328/978-81-991164-9-8-9
*Young India Publication, Gandhinagar, Gujarat*

**મુખ્ય શબ્દો (Keywords):** સરદાર વલ્લભભાઈ પટેલ, સનદી સેવા, રચનાત્મક કાર્યો, જવાહરલાલ નહેરુ, વી.પી. મેનન, વી. શંકરન.

**પ્રસ્તાવના:**

વલ્લભભાઈ પટેલના પ્રારંભિક રાજકીય જીવનથી લઈને દેશની આઝાદીના સમય સુધી ઇન્ડિયન સિવિલ સર્વિસના અધિકારીઓ સાથેના સંબંધો સતત પરિવર્તન શીલ રહ્યા છે. શરૂઆતના તબક્કામાં પ્રજા સાથે અન્યાય કરતા અંગ્રેજ અધિકારીઓ સાથે લાલ આંખ કરીને સત્યના માર્ગે આગળ ચાલતા રહ્યા. તેમણે ટોચના અધિકારીઓ સાથે દ્વેષ કે પૂર્વગ્રહ રાખવાના બદલે તેમને રાષ્ટ્રના નિર્માણમાં જોડવાની અને વિશ્વાસ સ્થાપિત કરવા પ્રયત્નશીલ રહ્યા. મક્કમ અને દૃઢ મનોબળથી કાર્યકર્તા ગૃહપ્રધાનને સનદી અધિકારીઓનો સાથ સહકાર પ્રાપ્ત થયો. સરદાર પટેલના અંતરંગ સાથી એવા એચ.એમ. પટેલ સાહેબ સહજ ભાવે નોંધે છે કે'જ્યારે કોઈ પુરુષ સર્વ સત્તાધીશ બને અને પોતાનું ધાર્યું પાર પાડી શકે ત્યારે એ દેખાતું હોય છે કે અન્યનું સાંભળવાની એની વૃત્તિ ઓછી થાય છે. ખાસ કરીને પોતાના હાથ નીચેની વ્યક્તિઓ તરફથી આ બાબતનો જેમ બીજી ઘણી બાબતોમાં સરદાર વલ્લભભાઈ પટેલ એક અસાધારણ પુરુષ છે. તેઓ જાણે છે કે પોતાનું ગમે તેટલું જ્ઞાન હોય, પોતાનો ગમે તેવો અનુભવ હોય છતાંય પોતે સર્વ જ્ઞાતિ ન હોઈ શકે એટલે અન્યના મતને માન આપવા અને ગળે ઉતરે તો અપનાવવા તેઓ સદા તત્પર રહે છે. એમની આવી અન્યના અભિપ્રાયને પૂરતું વજન આપવાની વૃત્તિને લઈને તેઓ મંત્રી તરીકે સારાએ સિવિલ સર્વન્ટસના વર્ગમાં, જેમની સાથે એમને કામ કરવાનું હોય છે તેમાં, ઘણા પ્રિય થઈ પડ્યા છે. એ વર્ગને લાગે છે કે પોતાનો અંગત અને પ્રામાણિક અભિપ્રાય આપવામાં અહીં જોખમ નથી અને ગેરસમજનો એમાં


ISBN: 978-81-991164-9-8 DOI: https://doi.org/10.64328/978-81-991164-9-8-9
Young India Publication, Gandhinagar, Gujarat

ભય નથી. આથી સરદાર એમનો અભિપ્રાય સ્વીકારે કે ન સ્વીકારે પણ એ ઉપર એઓ વિચાર જરૂર કરશે અને એમના મતથી એ જુદો હશે તો એ સરદાર નારાજ નહીં થાય.આજે ઘણી વાર તો એવું બને છે કે સરકારી અધિકારીઓ પોતાના પ્રભાનોને પસંદ પડે એવી સલાહ આપે છે. વધારે કમનસીબીની વાત એ છે કે પોતાના પ્રધાનોના અભિપ્રાય જાણ્યા બાદ એને અનુકૂળ અભિપ્રાય તે સલાહ આપવાની રીતી ઘણા અમલદારોએ અખત્યાર કરી છે. સરદાર વલ્લભભાઈ પટેલ સાથે આવી રમત રમવાની કોઈને જરૂર નથી. એ ઓ પ્રામાણિક મતભેદને માન આપે છે અને પોતાની વિરુદ્ધના અભિપ્રાય ને ગૌરવથી સહી લે છે. અપાર નિર્મળ અને પ્રબુદ્ધ વ્યક્તિત્વથી અન્યના અભિપ્રાય ને માન આપવાની કોમળ શક્તિથી દેશને અનેક ગણો લાભ થયો છે. આને લઈને સરકારની નીતિ ઘણી ગંભીર ભૂલોમાંથી ઉગરી ગઈ છે. અને ખાસ કરીને મધ્યસ્થ સરકારના નોકર વર્ગમાં શ્રદ્ધા અને વિશ્વાસ સંપાદન થયો છે.

આપણા દેશમાં સિવિલ સર્વિસ પ્રત્યે લોકોમાં અણગમો દેખાય છે. આને માટે ઠોશ કારણો હશે પરંતુ એ જાણવું જરૂરી છે કે પ્રજા તંત્રની અંદર જો સારી સિવિલ સર્વિસ હોય તો જ સરકારનું વહીવટી તંત્ર શ્રેષ્ઠ રીતે દાયિત્વ નિભાવી શકે દેશના ભાવિનો સર્વાંગી વિકાસ કરવા અને વહીવટી માળખું મજબૂત બનાવવા માટે સિવિલ સર્વિસના અનુભવી માણસોની જરૂરી છે. દેશની વહીવટી સુદઢતા અને તેજસ્વી સિદ્ધિઓ નો ઇતિહાસ આલેખાશે ત્યારે તેનો સાચો યસ અને કીર્તિ એકથી વ્યક્તિઓના ફાળેજશે. પરંતુ એટલું તો ઇતિહાસકારો નિર્વિવાહ પણ એ જરૂર નોંધ છે કે આ સર્વે દેશની વહીવટી સુદઢતાના પાયા મજબૂત કરવાનો ભગીરથ કાર્ય સરદાર વલ્લભભાઈ પટેલ વગર શક્ય જ ન હતું. ગૃહ પ્રધાન સરદાર પટેલના જમણા હાથ તરીકે વી પી


ISBN: 978-81-991164-9-8 DOI: https://doi.org/10.64328/978-81-991164-9-8-9
*Young India Publication, Gandhinagar, Gujarat*

મેનન જેવા બાહોશ સનદી અધિકારીઓનો સહયોગ ભરપૂર પ્રાપ્ત થયો. વિભાજનની પ્રક્રિયા વખતે થયેલો વાંચવા કે નોંધો લખવાને સમયે આવા સનદી અધિકારીઓ સોનામાં સુગંધ ભરે તે વાસ્તવિક છે. આવા સનદી અધિકારીઓમાં રાષ્ટ્રભાવના અને તેમના કાર્યની સરાહના કરીને દેશની વહીવટી માળખાગત ઈમારત નિર્માણ કરવામાં સરદાર પટેલની દુરંદેશી જોવા મળે છે.

## ગૃહપ્રધાન સરદાર વલ્લભભાઇ પટેલ અને સનદી સેવાના રચનાત્મક કાર્યો

સરદાર વલ્લભભાઈ પટેલે વચગાળાની સરકારના ઓક્ટોબર ૧૯૪૬માં ગૃહમંત્રી તરીકે વિવિધ પ્રાંતોના વડાપ્રધાનોની પરિષદ બોલાવી હતી. અંગ્રેજોના શાસનકાળ દરમિયાનની ઈન્ડિયન સિવિલ સર્વિસ અને ઇન્ડિયન પોલીસને સ્થાને ઇન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ અને ઇન્ડિયન પોલીસ સર્વિસના નામે બે નવી અખિલ ભારતીય સનદી સેવાની રચના અંગે પ્રાંતોના વડાઓની સંમતિ લેવાનો હેતુ આ પરિષદ બોલાવવા પાછળનો હતો.દેશનો વહીવટ સફળતાપૂર્વક પાર પડી શકે તેવા કાબેલ અને નૈતિકતાવાળા અધિકારીઓને આ સનદી સેવામાં સામેલ કરવાની સાથે જ બ્રિટન શાસનકાળ દરમિયાન જે આઈ. સી.એસ (ઇન્ડિયન સિવિલ સર્વિસ) અને આઇ.પી (ઇન્ડિયન પોલીસ) અધિકારીઓ સેવારત રહ્યા. આ સિવિલ સર્વિસને ભારત નિર્માણમાં કઈ રીતે સામેલ કરવા અને તેમની સુવિધાઓ અને નોકરીની શરતોની અનુકૂળતા કરવાના સંદર્ભે દેશના ગૃહપ્રધાન વલ્લભભાઈ પટેલ પૂર્વ આયોજન કરવાના પક્ષે હતા.

બ્રિટિશ સનદી સેવામાં રહેલા મોટાભાગના મુસ્લિમ અધિકારીઓ પાકિસ્તાન જવાનો વિકલ્પ પસંદ કરે અને અંગ્રેજ અધિકારીઓ પાછા ઇંગ્લેન્ડ જવા ફરે એવા સંજોગોમાં જે ભારતીય આઈ.સી.એસ સનદીઅધિકારીઓ હતા

VOICE OF UNITY: Sardar Vallabhbhai Patel and the Making of Modern India
Dr. Ashish Paatiwala & Ms.Shital Koisa
ISBN: 978-81-991164-9-8 DOI: https://doi.org/10.64328/978-81-991164-9-8-9
Young India Publication, Gandhinagar, Gujarat

તેમણે ભારતીય સનદી સેવામાં જાળવી રાખીને તેઓ વહીવટી વ્યવસ્થાપન અને સંચાલનનો લાભ દેશની આઝાદી પછીના ભારતના યોગ્ય ઘડતરની અપેક્ષા અને વ્યવસ્થા વિશે સરદાર પટેલ વિચારી રહ્યા હતા. તે સમયે કોંગ્રેસના પંડિત જવાહરલાલ નહેરૂ સહિતના ઘણા બધા કાર્યકરોને પંસદ ન હોવા છતાંય દેશના સર્વાંગી વિકાસ અને વહીવટી માળખું સુદઢ બનાવવા માટે વલ્લભભાઈ પટેલ મક્કમ હતા. નીડર અને સંકલ્પબદ્ધ સિવિલ સર્વિસનો પ્રશ્ન બંધારણ સભામાં આઈ.સી.એસ અધિકારીઓને બંધારણીય દરજ્જો પ્રાપ્ત થાય તેવી રચનાત્મક શૈલીમાં ચર્ચા કરતા જોવા મળ્યા છે.

બંધારણ સભાએ આપેલા વચનને પાછળથી સરકારે અને સંસદે ફોક કર્યા. સરકારી નોકરીયાતો અંગેની બે કલમોના સ્વીકાર માટે પણ સરદાર વલ્લભભાઈ પટેલને વચ્ચે પડવું પડ્યું. ૩૧૧મી કલમને લીધે સરકારી અમલદારોને શિક્ષા કરવાનું કામ રાજકીય આગેવાનો માટે મુશ્કેલ બની ગયુ. દેશ આઝાદ થયો તે પૂર્વે વલ્લભભાઈ પટેલે વચન આપ્યું હતું કે ભારતીય સનદી સેવા સાથે જોડાયેલા નોકરિયાતોના અધિકારો અને શરતો યથાવત જાળવી રાખવામાં આવશે. કલમ ૩૧૪માં આ બાંહેધરી આપવામાં આવી. આ બંને કલમો અંગે ઘણી ટીકાઓ થઈ. આઝાદીની લડત દરમિયાન આ બંધારણ સભાના સંખ્યાબંધ સભાસદોને જે અધિકારીઓએ જેલમાં પૂર્યા હતા તે અધિકારીઓને આ કલમો દ્વારા સંરક્ષણ મળી જવાનું હતું. પાછળથી લોકસભાના અધ્યક્ષ બનેલા અનંતશયનમ આયંગરે ૩૧૪ કલમની ચર્ચા વખતે કહ્યું કે 'આ બાંહેધરી અતિશય વિચિત્ર છે... અત્યારે નોકરી કરી રહ્યા છે તેવા સંખ્યાબંધ લગભગ ૪૦૦ જણે પોતાની સત્તાનો બેફામ ઉપયોગ કર્યો છે તે ભૂલી જવાની વાત આ બાયધરીમાં સમાયેલી છે.

VOICE OF UNITY: Sardar Vallabhbhai Patel and the Making of Modern India
Dr. Ashish Paatiwala & Ms.Shital Koisa
ISBN: 978-81-991164-9-8 DOI: https://doi.org/10.64328/978-81-991164-9-8-9
*Young India Publication, Gandhinagar, Gujarat*

વલ્લભભાઈ પટેલે આયંગર પર ઘણ ફટકાર્યો અને પ્રધાન -સરકારી નોકર વચ્ચેના સંબંધો અંગેનો પોતાનો ખ્યાલ સ્પષ્ટ કર્યો. (ભારતીય સનદી નોકરીના) લોકો આપણા દેશના દુશ્મન છે તેઓ મત આયંગર જેવા પીઢ સભાસદ ધરાવે છે અને રજુ કરે છે. તેનાથી મને અત્યંત દુ:ખ થાય છે. આવું હોય તો આ આયંગરે ઠરાવ રજૂ કરીને આ તમામ નોકરિયાતોને રુખસુદ અપાવી દેવી જોઈએ, અને પછી તમામ વહીવટ શૂન્યાવકાશમાં ચલાવો જોઈએ.

હું આ સભા ગૃહમાં નોંધાવવા ચાહું છું કે છેલ્લા બે ત્રણ વર્ષ દરમિયાન ઘણા ખરા સરકારી નોકરોએ દેશભક્તિ પૂર્વક અને વફાદારીથી પોતાની સેવા બજાવી ન હોત તો આ સંઘ તૂટી પડ્યો હોત. તમારે આ નોકરીયાત તંત્ર ન જોઈતું હોય અથવા તેને ખતમ કરી નાખવાનું ઠરાવતા હો તો હું પણ આ નોકરીયાતો જોડે જ ચાલ્યો જઈશ. આ બધા તો સમર્થ માણસો છે અને પોતાની આજીવિકા રળી લેશે.

આજે મારો સચિવ મારી વિશેષ નોંધ લખી શકે છે. .મારા સચિવોને મેં આ સ્વાધીનતા આપી છે. મેં તેમને કહ્યું છે કે "તમે મને તમારો પ્રમાણિક મત આપવાના ન હો તો મહેરબાની કરીને તમે ચાલ્યા જાઓ". લાઠી ઉઠાવીને "અમે તો સાર્વભૌમ સંસદ છીએ" તેવું મહેરબાની કરીને કહેશો નહીં. આપેલું વચન તોડવામાં તમારું સાર્વભૌમત્વ છે?

"વલ્લભભાઈ પટેલના રચનાત્મક અભિગમ અને રાષ્ટ્ર સેવાના પ્રકલ્પ થકી વેધકવાણી દ્વારા અસરકારક અને દેશના હિતાર્થે આપેલા ભાષણ પછી તમામ વિરોધ સમી ગયો. ભારતીય સનદી સેવાના નોકરિયાતોના તેમણે કરેલા જબરદસ્ત બચાવથી અને તેના અનુગામી તંત્ર જેવી ભારતીય વહીવટી સેવા


ISBN: 978-81-991164-9-8 DOI: https://doi.org/10.64328/978-81-991164-9-8-9
*Young India Publication, Gandhinagar, Gujarat*

અને ભારતીય પોલીસ સેવા ઊભી કરવામાં તેમણે આપેલા ફાળાને પરિણામે વલ્લભભાઈ તમામ મુલ્કી અધિકારીઓના "આરાધ્યદેવ" બની ગયા. આ મુલ્કી અધિકારીઓના ખંત, તેમની શક્તિ અને કેટલેક અંશે સ્વતંત્ર વર્તનની વલ્લભભાઈ પટેલ પર ઉંડી છાપ પડી હતી. વળી અખિલ ભારતીય સ્તરનું વહીવટીતંત્ર અલગતાવાદ સામે સંરક્ષણ આપે છે અને પ્રાંતોને અંકુશમાં રાખવાનું સાધન કેન્દ્ર સરકારને પ્રાપ્ત થાય છે તેવુ પણ વલ્લભભાઈના ધ્યાનમાં આવ્યું. અધિકારીઓ જોડેના તેમના ગાઢ સંબંધોની શરૂઆત સન ૧૯૪૭માં થઈ .આ વખતે તેમણે ૩૦ જેટલા પીઢ અધિકારીઓને પોતાના નિવાસસ્થાને બોલાવ્યા અને દેશ સેવા માટે પોતાની અને પોતાના સાથીદારો જોડે મળીને કામ કરવાનો અનુરોધ કર્યો"

ત્યાર પછીના વર્ષોમાં વલ્લભભાઈ પટેલ જોડે કામ પાડનારા અધિકારીઓએ જોયું કે સરદાર પટેલ દરેક વાત ધ્યાનથી સાંભળે છે. સર્વજ્ઞ હોવાનો આડંબર કરતા નથી. ઓછું બોલે છે, પણ સ્પષ્ટ બોલે છે. ઝડપભેર નિર્ણય લઈને કામની સોપણી કરી નાખે છે. ઘડી ઘડી વિચાર બદલતા નથી અને જે થાય તેની જોખમદારી પોતાના માથે ઓઢી લે છે. વળી અધિકારીઓ તેમને ગમે ત્યારે મળી શકતા હતા અને વલ્લભભાઈ પટેલ જાતે જ તેમના સંપર્કમાં રહેતા હતા. ટૂંકમાં સનદી અધિકારીઓ માટે સરદાર વલ્લભભાઈ પટેલ આદર્શ પ્રધાન હતા.

બ્રિટિશના વડાપ્રધાન એટલીએ ૧૫ માર્ચ ૧૯૪૬ના રોજ ભારતીયોને તેમના બંધારણ ઘડવાના અધિકારની જાહેરાત કરી. બ્રિટિશરો વિદાય લે પછી અખિલ ભારતીય સેવા અને કેન્દ્રીય સેવાના સનદી અધિકારીઓની સ્થિતિ અંગે સ્પષ્ટતા થવી હજુ બાકી હતી અને તેમનો પ્રશ્ન વણ ઉકેલ્યો હતો. સનદી સેવાના


ISBN: 978-81-991164-9-8 DOI: https://doi.org/10.64328/978-81-991164-9-8-9
*Young India Publication, Gandhinagar, Gujarat*

સેવકોનું ત્રણ વિભાગમાં વર્ગીકરણ કરવામાં આવ્યું હતું. (અ)યુરોપિયન સભ્યો (બ)મુસ્લિમ અધિકારીઓ (ક)હિન્દુ અને બીજી કોમના અધિકારીઓ. અંગ્રેજ શાસન હેઠળના આ ત્રણેય વર્ગના અધિકારીઓને બ્રિટિશ શાસકો તરફથી ખાતરી આપવામાં આવી હતી કે ઉપરોક્તમાંથી જે સનદી અધિકારીઓ ભારતમાં રહેવા માંગે છે તેમને અગાઉની જેમ હોદ્દો યથાવત રાખવામાં આવશે અને જે લોકો ભારત છોડવા માગતા હોય તેમને પૂર્ણ આર્થિક વળતર ચૂકવવામાં આવશે. બ્રિટિશ વડાપ્રધાન એટલીએ ૩૦ એપ્રિલ ૧૯૪૭ના રોજ આમ સભામાં આ પ્રકારની જાહેરાત કરી હતી.

બ્રિટિશ અધિકારીઓએ પેન્શનનો વિકલ્પ સ્વીકારીને ઇંગ્લેન્ડ પાછા ફરવાનું નક્કી કર્યું. મોટાભાગના મુસ્લિમ અધિકારીઓએ પાકિસ્તાનની સેવામાં જોડાવાનું પસંદ કર્યુ. જ્યારે હિન્દુ અધિકારીઓએ ભારતમાં જ રહેવાનું મુનાસિત રાખ્યુ.બીજા વિશ્વયુદ્ધ દરમિયાન પરિસ્થિતિ ડામાડોળ હતી. જેને કારણે ૧૯૪૩થી અધિકારીઓની નવનિયુક્તની ભરતી પ્રક્રિયા અટકી ગઈ હતી. આઝાદી પહેલાં આઈ.સી.એસ ઇન્ડિયન સિવિલ સર્વિસ અધિકારીઓની કુલ સંખ્યા ૧૧૫૭ હતી. તેમાંના ૬૦૮ બ્રિટિશ હતા. આઝાદી પછી કુલ આઈ.સી.એસ અધિકારીઓનું સંખ્યાબળ ૪૫૧ હતું અને ભારતમાં માત્ર ૩૩ જેટલા બ્રિટિશ અધિકારીઓ રહ્યા હતા. પંડિત જવાહર નેહરુએ પણ સ્વતંત્ર ભારતમાં આઈ.સી.એસ અધિકારીઓની નિષ્ઠા અંગે શંકા કુશંકા વ્યક્ત કરી હતી તે સુવિદિત છે. ત્યારે ભારતમાં આઈ.સી.એસ અને આઇ.પી અધિકારીઓ પ્રત્યે સાર્વત્રિક તિરસ્કારનો ભાવ પ્રચલિત હતો. આવા સંજોગોમાં નોકરશાહીના તંત્રને સમગ્રપણે પુનર્ગઠિત કરવાની દિશામાં વચગાળાની સરકારે ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.


ISBN: 978-81-991164-9-8 DOI: https://doi.org/10.64328/978-81-991164-9-8-9
*Young India Publication, Gandhinagar, Gujarat*

૧૦ ઓક્ટોબર ૧૯૪૯ના રોજ બંધારણ સભામાં ખરડા સમિતિના અધ્યક્ષ ડો. ભીમરાવ આંબેડકરની અનુપસ્થિતિમાં આ સમિતિના બીજા સભ્ય અને વલ્લભભાઈ પટેલના અત્યંત વિશ્વાસુ કનૈયાલાલ માણેકલાલ મુનશીએ જે ઇન્ડિયન સિવિલ સર્વિસના અધિકારીઓ ભારતની સ્વતંત્રતા પછી પણ ભારતીય સેવામાં કાર્યરત રહેવા માંગે છે, તેમના વિશેની નોકરીની શરતો તેમની સામે શિસ્ત ભંગની કાર્યવાહી કરવા વિરુદ્ધ સુરક્ષા આપતી જોગવાઈઓ અને તેમને વળતર કે પેન્શનની વિદેશી નાણામાં ચુકવણી વગેરેની બાબતોને બંધારણીય જોગવાઈ અનુસાર સુરક્ષા કવચ પૂરું પાડવા માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો. સરદાર વલ્લભભાઈ પટેલે વહીવટી સુદઢતા, કાર્યદક્ષતા અને કર્તવ્ય નિષ્ઠા- કાર્ય પ્રતિબંધ્ધતા પ્રભાવીપણે આઈ.સી.એસ અધિકારીઓની કામગીરીનો બચાવ કરીને તેમની રાષ્ટ્રનિષ્ઠા અને પ્રમાણિકતાથી કાર્ય કરવાની ભાવનાને બિરદાવીને સંબંધિત અનુચ્છેદને બંધારણના ભાગ તરીકે મંજુર કરવાના વિરોધ અને તેમાં સુધારા કરવા માટે રજૂ કરાયેલી દરખાસ્તોનો આગ્રહ સંબંધિત સભ્યોને છોડાવ્યો હતો અને ઉપરોક્ત અનુચ્છેદનો બંધારણમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. ૨૮૩- એ અનુચ્છેદ રૂપે બંધારણમાં સામેલ કરવામાં આવતી આ જોગવાઈઓ સામે બંધારણ સભાના ઉપાધ્યક્ષ આયંગારે ભારે વિરોધ નોંધાવ્યો હતો.

બંધારણ સભામાં ૨૮૩-એ તરીકે સામેલ કરાયેલ અનુચ્છેદમાં ઇન્ડિયન સિવિલ સર્વિસ અધિકારીઓને વિશેષ અધિકારોની જોગવાઈ હતી. આ બાબતને બંધારણમાં અનુચ્છેદની જોગવાઈને ૩૧૪ તરીકે સામેલ કરાઈ અને ૧૯૭૨માં અધિકારીઓ વચ્ચે સમાનતા ઉલ્લંઘન કરતા મૂળભૂત સમાનતાના અધિકાર વિરુદ્ધ હોવાને કારણે રદ કરવામાં આવી હતી.


ISBN: 978-81-991164-9-8 DOI: https://doi.org/10.64328/978-81-991164-9-8-9
Young India Publication, Gandhinagar, Gujarat

૧૦ ઓક્ટોબર ૧૯૪૯ની કાર્યવાહીનો અભ્યાસ કરનારને બંધારણમાં અનુચ્છેદ ૨૮૩-એ અન્વયે આઈ.સી.એસ અધિકારીઓને જે બંધારણીય ખાતરીઓ આપવાની દરખાસ્ત સરદાર પટેલના નિકટના અને વિશ્વાસુ તેમ જ બંધારણનો મુસદ્દો ઘડનારી સમિતિના સભ્ય કનૈયાલાલ માણેકલાલ મુનસીએ પ્રસ્તાવિત કરી .તે સામે બંધારણ સભાના મોટાભાગના વરિષ્ઠ સભ્યોને ભારે ઉહાપોહ મચાવ્યો હતો. અને સરદાર વલ્લભભાઈ પટેલે તેમાં દરમિયાનગીરી કરવી પડી તે પછી સંબંધિત કલમને બંધારણમાં સામેલ કરવાની વિરોધમાં રજુ થયેલા વાધાઓ અને વિરોધ ઠંડો પાડ્યો હતો.

સંતોષકારક રીતે તે ખાલી જગાઓ ભરવાની જ હતી. આ કાર્ય માટે તેમણે શ્રી એ.ડી. ગોરવાલા (જેવો આ સેવામાંથી નિવૃત્ત થઈ ગયા હતા) અને શ્રી આર.એલ.ગુપ્તા એ બે ભારતીય સનદી સેવાઓના સિનિયર સભ્યોની એક કમિટી નિયુક્ત કરી. પરંતુ ભારતે અખિલ ભારતીય સેવાઓ રાખવી જોઈએ કે કેમ એ પ્રશ્નનો નિર્ણય કરવાનો કાર્ય પણ ઓછું અગત્યનું ન હતું. આ સેવાઓને બંધ કરી દેવાની તરફેણ કરતો એક મત હતો. છતાંય વલ્લભભાઈ પટેલે અખિલ ભારતીય સેવાઓની અગત્યતા વિશે બધાને ઠસાવ્યું.

ખાસ કરીને તેમને એ મુદ્દા પર ભાર મૂક્યો કે કેન્દ્રને દેશના પ્રત્યેક ભાગમાંથી ત્યાંની પરિસ્થિતિના અનુભવી અમલદારો મળતા રહેશે .ઘણા મુખ્યપ્રધાનો સરકારશ્રીના આ ઠરાવની તરફેણમાં જ હતા કારણ તેઓ તો એ જોવા આતુર હતા કે રાજ્યમાં નોકરી કરનાર અમલદારો ઉપર તેઓનો સંપૂર્ણ વર્ચસ્વ હોય, જ્યારે તેમના રાજ્યને ફાળવવામાં આવેલા અખિલ ભારતીય અમલદારો તો અંતે કેન્દ્રના શિસ્ત અને વર્ચસ્વ હેઠળ રહેશે. આમ છતાં અંતે


ISBN: 978-81-991164-9-8 DOI: https://doi.org/10.64328/978-81-991164-9-8-9
*Young India Publication, Gandhinagar, Gujarat*

તેઓએ સરકારશ્રીની વાત સ્વીકારવા માટે પોતાની જાતને સહમત કરી અને ઇન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ અને ઇન્ડિયન પોલીસ સર્વિસ ની રચના થઈ."

મોટાભાગના સભ્યો કોંગ્રેસના નેતૃત્વમાં આઝાદીની ચળવળમાં સહભાગી થતાં જેલવાસ ભોગવીને આવ્યા હોવાથી તેમને જેલમાં નાખનાર અને અંગ્રેજ શાસનના ઈશારે કામ કરી ચૂકેલા સનદી અધિકારીઓને બંધારણીય સુરક્ષા કવચ પૂરું પાડનાર વિચાર સાથે અસંમતિ દર્શાવી હતી. વિરોધના વાતાવરણમાં વલ્લભભાઈ પટેલે બંધારણ સભામાં ખેદ વ્યક્ત કરતા ઇન્ડિયન સિવિલ સર્વિસ અધિકારીઓને' દેશના દુશ્મન' ગણાવવા સુધી પ્રવૃત્તિને કડક શબ્દોમાં ઝાટકી નાખી. તેમને દેશના પ્રમાણિક મિત્રો સમજો. તેઓમાં રાષ્ટ્ર માટે કંઈક કરવાની નૈતિક તાકાત રહેલી છે તેને ઉજાગર કરો, રાષ્ટ્ર ભક્તિ કરવાની તક આપો તેની જગ્યાએ તેમને "દેશના દુશ્મન "ગણી શું પુરવાર કરવા માંગો છો. તેમનું આ દિવસનું પ્રવચન રાષ્ટ્ર માટે તેમજ સૌથી વધારે સિવિલ સર્વિસ સાથે જોડાયેલા અધિકારીઓ માટે પ્રેરણાના સ્ત્રોત સમાન રહ્યું હશે. આ જ વ્યાખ્યાનમાં વલ્લભભાઈ પટેલે ઘટસ્ફોટ કર્યો હતો કે જીણા તો આખો પંજાબ અને આખું બંગાળ પાકિસ્તાનમાં આપતું હતું .પરંતુ અમે પંજાબ અને બંગાળના ભાગલા પાડીને અડધું અડધું પાકિસ્તાન ઝીણા સ્વીકારે તે સાથે વિભાજનનો સ્વીકાર કર્યો હતો.

સરદાર પટેલે નોકરશાહીના અધિકારો અંગે મૅગ્નાકાર્ટો કહી શકાય તેવું ભાષણ આપ્યું હતું. વલ્લભભાઈ પટેલે સનદી સેવા અધિકારીઓને રાષ્ટ્રીય હેતુના સંરક્ષક ગણાવ્યા છે અને એવી અપેક્ષા કરે છે કે અખિલ ભારતીય સેવાના અધિકારીઓ ભ્રષ્ટાચાર મુક્ત વહીવટ પૂરો પાડશે. સાથે જ તેઓ ભ્રષ્ટ અધિકારીઓને બચાવવાના પક્ષે નહીં હોવાનું પણ તેમણે સ્પષ્ટ કરી દીધું હતું.

VOICE OF UNITY: Sardar Vallabhbhai Patel and the Making of Modern India
Dr. Ashish Paatiwala & Ms.Shital Koisa
ISBN: 978-81-991164-9-8 DOI: https://doi.org/10.64328/978-81-991164-9-8-9
*Young India Publication, Gandhinagar, Gujarat*

તેમણે બંધારણ સભાના સભ્યોને સનદી સેવાના અધિકારીઓને બંધારણીય ખાતરીઓ આપવાની દરખાસ્તને ટેકો આપવાની સાથે એવું પણ સૂચન કર્યુ હતું કે કોઈપણ સનદી અધિકારી યોગ્ય વર્તન ન દાખવે પોતાની ફરજ ચૂકે કે દુવ્યવહાર કરે તો એ બાબત મારે ધ્યાને લાવવી અને હું કોઈ પ્રત્યે વહેરો વંચો રાખ્યા વિના જે દોષીત થશે તેની સામે પગલાં લેતા જરા પણ સંકોચ કરીશ નહીં" આપણે આટલા બધા વર્ષો બ્રિટિશરોની સામે લડત લડ્યા છીએ, હું તેમનો સૌથી કટુ શત્રુ રહ્યો છું અને તેઓ પણ મને એમ જ માને છે. પરંતુ હું નિખાલસપણે કહેવા માગું છું કે તેઓ હવે મને પોતાનો નિષ્ઠાવાન મિત્ર ગણવાનું પસંદ કરે છે. વલ્લભભાઈ પટેલને કહ્યાગીરી નહોતી ગમતી. તેમનો અભિપ્રાય એવો હતો કે અખિલ ભારતીય સેવા જોઈતી હોય તો સનદી અધિકારીઓને મુક્ત પણે મોઢું ખોલવાની છૂટ આપવી પડે.

સનદી અધિકારીઓ કોઈપણ જાતનો ડર કે લાલચને વશ થઈને સાચી વાત રજૂ ન કરી શકે તો અંતે તો નુકસાન દેશનુ જ થવાનું છે. તેમનું આ બાબતે સ્પષ્ટ માનવુ હતું કે સનદી અધિકારીઓના અધિકારો અને વિશેષ અધિકારોને સંસદ થકી સુરક્ષિત કરવામાં આવે તો સલામતીના ભાવ સાથે તેઓ રાષ્ટ્રના હિતમાં કામ કરશે. અન્યથા અમે માલિક છીએ અને તમે નોકર છો એટલે તમારે અમારા આદેશનું પાલન કરવું પડે એવા હઠાગ્રહ કે દુરાગ્રહ રાખવામાં આવે તો પછી આ બંધારણની જરૂર શું છે.' ગરમ થઈને વેધક વાણીમાં વલ્લભભાઈએ બંધારણ સભામાં જ કહ્યું હતું.

એવા સંજોગોમાં તો વર્તમાન બંધારણને બદલે કોઈ બીજાને મૂકી શકાય. કોંગ્રેસનું બંધારણ મુકી શકાય કે કોઈ અન્ય બંધારણ મૂકી શકાય કે પછી આર.એસ.એસનું બંધારણ મુકાય તમને ઠીક લાગે તે બંધારણ મૂકી શકાય પણ

VOICE OF UNITY: Sardar Vallabhbhai Patel and the Making of Modern India
Dr. Ashish Paatiwala & Ms.Shital Koisa
ISBN: 978-81-991164-9-8 DOI: https://doi.org/10.64328/978-81-991164-9-8-9
*Young India Publication, Gandhinagar, Gujarat*

આ તો નહીં જ. વર્તમાન બંધારણ સનદી અધિકારીઓના માળખાથી દેશને સંગઠિત રાખવા માટેનું છે. કેટલાક બંધારણીય વાધાઓ છતાં આપણી સામૂહિક વિચાર શક્તિ થકી નિર્ણયોને પરિણામે સનદી અધિકારીઓનું માળખું દેશને અંકુશમાં રાખશે.

સનદી અધિકારીશ્રી એચ. એમ. પટેલ સાહેબ ભારતીય સનદી સેવાના અધિકારીઓ વિશેના સરદાર વલ્લભભાઈ પટેલના અનુભવની રજૂઆત આગવી શૈલીમાં નોંધે છે. : "સરદાર વલ્લભભાઈ પટેલે ઘણાં ક્ષેત્રોમાં મૂલ્યવાન સેવાઓ આપી છે. દા. ત સનદી અધિકારીઓ સાથેના કરારના ઘડતરમાં સ્વાતંત્ર્ય પૂર્વે (સત્તાની ફેરબદલી પહેલા) ભારત તરફથી વલ્લભભાઈ પટેલે એક મહત્વના પ્રશ્નોનું નિરાકરણ કરવાનું  હતું. તે પ્રશ્ન હતો ઓલ ઇન્ડિયા કોન્વેન્ટેડ સર્વિસીસનો (ઇન્ડિયન સિવિલ સર્વિસ અને ઇન્ડિયન પોલીસ સર્વિસનો) ભારતની નોકરીમાં રહેલા બંને સર્વિસના અધિકારીઓ તથા સરકાર વચ્ચે ઉપર મુજબનો કરાર ઇંગ્લેન્ડમાં કરવામાં આવ્યો હતો. ભારત તરફથી સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ઇન્ડિયાએ આ કરાર ઉપર સહી કરી હતી. ભારતીય સેવાના અધિકારીઓ પછી તેઓ બ્રિટિશ હોય કે ભારતીય સત્તાને ફેરબદલી થયા પછી નોકરીમાંથી રાજીનામાં આપશે .એવી ધારણા ઉપર બ્રિટિશ સરકારે એક યોજના તૈયાર કરી હતી. નોકરીમાં ચાલુ રહેવું કે નોકરી છોડી દેવી. બેમાંથી એક વિકલ્પ અધિકારીઓને મળવો જોઈએ અને અધિકારીઓ નોકરી છોડી દેવાનું જો નક્કી કરે તો એને સરકાર દ્વારા વળતર મળવું જોઈએ.

વલ્લભભાઈ પટેલે આ તબક્કે સ્પષ્ટતા કરી કે, કોન્વેન્ટમાં નોકરીની જે શરતોની બાંહેધરી અપાયેલી હતી તે જ શરતોની બાંહેધરે ભારત સરકાર પણ આપવા તૈયારી દર્શાવે છે .આમ હોવાને કારણે ભારતીય સનદી અધિકારીઓની ફરજ

VOICE OF UNITY: Sardar Vallabhbhai Patel and the Making of Modern India
Dr. Ashish Paatiwala & Ms.Shital Koisa
ISBN: 978-81-991164-9-8 DOI: https://doi.org/10.64328/978-81-991164-9-8-9
*Young India Publication, Gandhinagar, Gujarat*

બની રહે છે કે તેઓ નોકરીમાં ચાલુ જ રહે. જો તેઓ નોકરી છોડી દે તો તેમને વળતર આપવાનો સવાલ જ રહેતો નથી.માત્ર એટલું જ કે આઝાદ ભારતની સરકાર જે હિન્દી અધિકારીઓને રાખવા માગતી નથી તેમને જ નોકરીમાંથી છૂટા કરાશે. ભારતમાં નોકરી ચાલુ રાખવા ઈચ્છતા બ્રિટિશ અધિકારીઓમાંથી કયા અધિકારીઓ પસંદ કરવા તેનો અધિકાર ભારત સરકારને આધીન રહેશે. ભારત સરકારની સેવામાં ચાલુ ન રહેતા બ્રિટિશ તેમજ ભારતીય અધિકારીઓને બ્રિટિશ સરકાર વળતર આપશે એમ છેલ્લે નક્કી થયું હતું. વલ્લભભાઈ પટેલ પોતાની કુશાગ્રહ બુદ્ધિ દ્વારા આ બાહેધરીનું સમર્થન પ્રધાનમંડળમાં મેળવી લીધું હતું. સનદી અધિકારીઓને અપનાવેલી આવી બાયધરીનો સમાવેશ ભારતના બંધારણમાં કરવા સરકાર સહમત થઈ હતી. સ્વતંત્ર અને કાર્યદક્ષ વહીવટી સેવાની લોકશાહી તંત્રમાં માત્ર અગત્યતા જ નહીં, બલકે અનિવાર્યતા છે તે વલ્લભભાઈ પટેલ બરાબર જાણતા હતા.તેથી ભારતીય સનદી અને પોલીસ અધિકારીઓને આવકારવા તેમજ તેમનામાં દ્રઢ વિશ્વાસ સ્થાપિત કરવામાં તેમનું અનન્ય પ્રદાન છે. બંધારણની ચર્ચા દરમિયાન સરકારી નોકરોને રક્ષણ આપતી કલમ ૩૧૧- એ આઇ. સી.એસ અધિકારીઓને રક્ષણ અને વિદેશી ચલણમાં પેન્શન આપવાની દરખાસ્તમાં સરદારે અનેક લોકોના વિરોધ વચ્ચે પોતાની પ્રતિષ્ઠા હોડમાં મૂકી આ બંધારણીય કલમનો સ્વીકાર કરાવ્યો હતો.

અખિલ ભારતીય સેવામાં આઈ.એ.એસ અને આઇ.પી.એસને બંધારણીય દરજ્જો આપી. રાજ્ય કે કેન્દ્ર વચ્ચે એક મજબૂત કડી ગોઠવી આપી કે જેના કારણે પ્રદેશવાદ, ભાષાવાદ જેવા દૂષણો વચ્ચે પણ વહીવટીતંત્રની એક સૂત્રતા જાળવી શકાયા છે.


ISBN: 978-81-991164-9-8 DOI: https://doi.org/10.64328/978-81-991164-9-8-9
*Young India Publication, Gandhinagar, Gujarat*

વલ્લભભાઈ પટેલ અને સરકારીતંત્ર વચ્ચેનો સંબંધ સમજવો હોય અને ચૂંટાયેલા મંત્રીઓ અને પસંદગી પામેલા અધિકારીઓ વચ્ચેના સંબંધો અંગે જરૂરી માર્ગદર્શન મેળવવું હોય તો આઈ.એ.એસની પ્રથમ બેચને તાલીમ માટે આવકારતા દિલ્હીના "મેટકાફે" હાઉસમાં આપેલા અસરકારક ભાષણ દરેકે વાંચી લેવું જોઈએ. તેઓ માનતા હતા કે વહીવટી તંત્ર એક શક્તિશાળી સાધન છે. વહીવટીતંત્ર લોકાભિમુખ હોવું જોઈએ. રાજતંત્ર સક્ષમ હોય, ભરોસાપાત્ર હોય, ન્યાયી હોય અને નિર્ભય હોય તો નાગરિકોને લોકશાહીનો સાચો અહેસાસ થઈ શકે. દેશની રાજકીય વ્યવસ્થાને પ્રજાભિમુખ કરવો હોય તો વહીવટી માળખું પારદર્શક અને ગતિશીલ રહેવું જોઈએ. આઝાદી વખતે સનદી અધિકારીઓ અંગ્રેજોને વફાદાર રહ્યા તે તેમની ફરજ હતી. સરદાર પટેલે શાસકોના સામે ચલાવેલા સત્યાગ્રહ વખતે કરેલી ટીકાઓ અને પૂર્વગ્રહનું સ્વરૂપ ન આપતા આઝાદી બાદ તે જ શાસકો પાસેથી ભાગલાને કારણે ઉત્પન્ન થયેલી અતિગંભીર પરિસ્થિતિ હલ કરવામાં અને આઝાદી પહેલાં દેશી રાજ્યનું વીલીનીકરણ કરવામાં સરદારે અધિકારીઓની શક્તિનો સારી રીતે વિનિયોગ કર્યો હતો.

સ્વતંત્રતા પહેલાંના સંગઠન દ્વારા વલ્લભભાઈ પટેલ એક દુરંદેશી- પ્રબુદ્ધ અને રચનાત્મક અભિગમ દ્વારા કાર્ય કરનાર તરીકે સફળ પુરવાર થયા તે વાસ્તવિક અને નિર્વિવાદ હકીકત છે .સરદાર વલ્લભભાઈ પટેલ દીર્ઘદષ્ટા અને ઉમદા રાજકીય વિલક્ષણ રાજપુરુષ હતા.તેમના માટે ભારતીય સનદી સેવાએ કુશળ વહીવટી આવડત અને અનુભવી લોકોનો સમૂહ હતો. કાયદાનું સુશાસન દેશની વ્યવસ્થા ચલાવવા માટે સનદી સેવાના બાહોશ અધિકારીઓની ગુણવત્તાને આધારે પસંદ થયેલા આ માણસો ઉત્તમ રીતે શાસન ચલાવી શકે


ISBN: 978-81-991164-9-8 DOI: https://doi.org/10.64328/978-81-991164-9-8-9
Young India Publication, Gandhinagar, Gujarat

તેવું દ્રઢપણે વલ્લભભાઈ પટેલ માનતા હતા. ભારતના સમવાયતંત્રમાં રાજ્ય અને કેન્દ્ર વચ્ચે સમાન વહીવટ એકરૂપતા માટે આ સેવા અનિવાર્ય છે. વલ્લભભાઈ પટેલે દેશની વિવિધતામાં એકતા મજબૂત રહે તે માટે દીર્ઘ આયોજન કરવા માટે આ સેવાની અનિવાર્યતા છે. રાષ્ટ્રની એકતા નબળી ન પડે તે માટે બ્રિટિશ કારોએ વિકસાવેલી શાસનના ઘણાખરા અંશો વલ્લભભાઈ પટેલે પોતાની સાથે રાખી ઇન્ડિયન સિવિલ સર્વિસનું નવું નામ ઇન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ કર્યું તેની સ્થાપના બાદ વલ્લભભાઈ પટેલ માત્ર બે વર્ષ જીવ્યા તેથી આઈ.એ.એસ ની સાથે કામ કરવાનો મોકો ઓછો મળ્યો. પરંતુ જુના ઇન્ડિયન સિવિલ સર્વિસ અધિકારીઓએ વલ્લભભાઈ પટેલ સાથે નિષ્ઠા અને વફાદારીથી કામ કર્યું. તેમાં કોઈ શંકા નથી. સરદાર વલ્લભભાઈ પટેલ એપ્રિલ ૧૯૪૭માં દિલ્હીના મેટફાફે હાઉસ ખાતેની અખિલ ભારતીય વહીવટી સેવાની તાલીમ શાળામાં નવરચિતમાં પ્રોબેશન સમક્ષ કરેલું સંબોધન વાંચી જવાની સલાહ શ્રી પી.કે.લહેરી ગુજરાત સરકારના મુખ્ય સચિવ શ્રી આપે છે. તેમાં કહેવાયું હતું "તમે ભારતીય સેવાના પાયાના પથ્થર છો અને આ સેવાનું ભવિષ્ય તમે જે પ્રકારનું ઈચ્છો અને જે પરંપરા સ્થાપશો એના પર અવલંબે છે. એ તમારા ચારિત્ર્ય ક્ષમતા અને કાર્ય કરવાના ઉત્સાહથી પર પણ અવલંબશે." વલ્લભભાઈ પટેલે પોતાના ભાષણમાં કહ્યું કે અખિલ ભારતીય પ્રશાસનિક સેવાના સ્વપ્નને કંડાળતા હોય એવું લાગે છે. તેમને જણાવ્યું કે જૂની પરંપરાની( બ્રિટિશ શાસન હેઠળની ભારતીય સનદી સેવાના એટલે કે આઈ.સી.એસના દિવસો પૂરા થાય છે, અને એનું સ્થાન ઇન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ આઈ.એ.એસ એટલે કે ભારતીય પ્રશાસનિક સેવા લઈ રહી છે.

VOICE OF UNITY: Sardar Vallabhbhai Patel and the Making of Modern India
Dr. Ashish Paatiwala & Ms.Shital Koisa
ISBN: 978-81-991164-9-8 DOI: https://doi.org/10.64328/978-81-991164-9-8-9
*Young India Publication, Gandhinagar, Gujarat*

વલ્લભભાઈ પટેલે સતાના હસ્તાંતરણની સાથે જ વિદેશથીઓને બદલે ભારતીયોના હાથમાં સત્તા આવતા ભારતીય થકી અને સંપૂર્ણપણે ભારતીયોના અંકુશ વાળી અખિલ ભારતીય વહીવટી સેવા અસ્તિત્વમાં આવતા તે ખરા અર્થમાં રાષ્ટ્રની સેવા કરે એવી અપેક્ષાનું નિર્માણ થાય છે. વિદેશી માલિકોને બદલે દેશપ્રેમવાળા રાષ્ટ્રીય શાસકો સાથે મળીને દેશ નિર્માણના કામમાં શિસ્ત જાળવીને લાગી જવા માટેની ટહેલ અને પહેલ પણ વલ્લભભાઈ પટેલે  કરી હતી. તેમણે સનદી સેવાઓને બને ત્યાં સુધી તટસ્થ રહીને ભ્રષ્ટાચારમાં મુક્ત અને પારદર્શક વહીવટીતંત્ર ચલાવવાની સલાહ આપી હતી. અને સાથે જ ભારપૂર્વક જણાવ્યું હતું કે સનદી અધિકારી તરીકે તમે રાજકારણમાં સહભાગી થાઓ તે પરવડે પણ નહીં અને તે ચલાવી પણ ન લેવાય. કોઈપણ સનદી સેવક પોતે સાંપ્રદાયિક ધોરણે નિર્ણયો કરવામાં સામેલ થાય નહીં અને જાહેર જનતાની સેવા અને ગરિમા જાળવીને નિષ્ઠાપૂર્વક કાર્યરત રહે એ જરૂરી છે. સનદી સેવકોની નવી પેઢી ગેરમાર્ગે દોરવાઈ નહીં અને કોઈ ડર કે સ્વાર્થ કે અન્ય લાભની ઈચ્છા રાખ્યા વિના પોતાની ફરજને નિષ્ઠાપૂર્વક બજાવે તે જ યોગ્ય લેવાશે. સનદી અધિકારીઓના પ્રારંભિક સભ્યોને ખૂબ ઝીણવટથી લોકોની સમસ્યાઓનો ઊડો અભ્યાસ કરીને તેના નિવારણ માટે ત્વરિત પગલા લઈને સક્રિયતા દાખવી, સમાજ કલ્યાણનું શ્રેષ્ઠ કાર્ય કરવાની રચનાત્મક બાબતો સરદાર વલ્લભભાઈ દ્વારા સનદી અધિકારીઓને કહેવામાં આવી. વલ્લભભાઈ પટેલે ૨૭ એપ્રિલ ૧૯૪૮ના રોજ નવી ભારતીય પ્રશાસની સેવાની રચના અંગે એક નોંધ રજૂ કરી હતી.

આ નોંધમાં ઓક્ટોબર ૧૯૪૬માં વિવિધ પ્રાંતિક સરકારોના પ્રાઇમ મિનિસ્ટરો સાથેની તેમની ચર્ચા ના પરિણામ સ્વરૂપ આઈ.સી.એસ અને આઈ.પી


ISBN: 978-81-991164-9-8 DOI: https://doi.org/10.64328/978-81-991164-9-8-9
Young India Publication, Gandhinagar, Gujarat

સેવાઓના સ્થાને આઈ.એ.એસ અને આઈ. પી. એસ. સેવાઓ શરૂ કરવા અંગેની કાર્યવાહી અંગેનો ઉલ્લેખ કર્યો છે. વલ્લભભાઈ પટેલ દ્વારા એ.ડી. ગોરવાલા નામના આઈ. સી. એસ અધિકારીના વડપણ હેઠળ કેન્દ્ર અને પ્રાંતોમાં અધિકારીઓની તંગી અને આવશ્યકતા વિષયક અહેવાલ રજૂ કરવા માટે એક સમિતિની નિમણૂક કરી હતી. આ સમિતિએ ઓક્ટોબર ૧૯૪૭માં રજૂ કરેલા અહેવાલ અંગે માર્ચ ૧૯૪૮ના છેલ્લા સપ્તાહમાં વિવિધ પ્રાંતિક સરકારોના મુખ્ય સચિવ સાથેની ચર્ચાને અંતે આઈ.સી.એસની ભરતી બંધ કરાયા બાદ ઊંડાણથી છણાવટ કરવામાં આવી હતી. સનદી સેવાઓમાં કેન્દ્રના ગૃહપ્રધાન નવા લોકોને તક આપવાના  હિમાયતી હતા.

સનદી અધિકારીઓને વિશ્વાસમાં લઈને રાષ્ટ્રનિર્માણના કામમાં તેમને જોડવા માટે ૧૦ ઓક્ટોબર ૧૯૪૯ના રોજ બંધારણ સભામાં કોંગ્રેસના વરિષ્ઠ સભ્યોના વિરોધ છતાં વલ્લભભાઈ પટેલે આઇ.સી.એસ અધિકારીઓને બંધારણીય ખાતરીઓ આપીને સકારાત્મક દિશામાં તેમનો સહકાર અને સહયોગ મેળવવાનું યોગ્ય લેખ્યું હતું. તેમણે તો આવા આઇ.સી.એસ અધિકારીઓની વીતેલી બે થી અઢી વર્ષના ગાળા દરમિયાનની કામગીરીને બીરદાવતા તેમના વિશેષ અધિકારોને બંધારણીય સુરક્ષા કવચ આપવાની સાથે સાથે તેમની નિષ્ઠામાં કોઈ શંકા વ્યક્ત ન કરવાનો બંધારણ સભાને અનુરોધ કર્યો હતો. એક તબક્કે તો ગાંધીજીએ આપણને શું શીખવ્યું? તમે ગાંધી વિચાર, ગાધી ફિલસૂફ અને ગાંધી માર્ગે વહીવટીની વાત કરો છો, બહુ સારું છે. પણ તમે જેલમાંથી બહાર આવ્યા અને કહો છો કે આ લોકોએ મને જેલમાં નાખ્યો એટલે મને વેર વાળવા દો.


ISBN: 978-81-991164-9-8 DOI: https://doi.org/10.64328/978-81-991164-9-8-9
Young India Publication, Gandhinagar, Gujarat

"પરંતુ આ ગાંધીજી ચિધ્યો માર્ગ નથી. એ તો એ માર્ગને વટાવીને દૂર જતો લાગે છે. સરદારે આઈ.સી.એસ અધિકારીઓની ગરિમામા, તેમનું સન્માન તેમની પ્રતિષ્ઠા અને તેમના માટે લોકલાગણીનો ભાવ વ્યક્ત કરતા તેઓને દેશના વહીવટકાર્યમાં જોડીને રાષ્ટ્રભાવનાની જાળવણી કરવામાં સૌનો સાથ અપેક્ષિત માન્યો હતો. સ્વતંત્રતા પછીના સમયગાળામાં એવા કેટલાક પ્રસંગો બન્યા જ્યારે વડાપ્રધાન જવાહરલાલ નહેરુ સાથે સનદી અધિકારીઓની ગરિમા જાળવવાના મુદ્દે ગૃહમંત્રી અને નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલે શાબ્દિક સંઘર્ષ કરવો પડયો. અજમેરના ચીફ કમિશનર તરીકે શંકર પ્રસાદએ કોમી અથડામણોનો મામલો સંભાળી રહ્યા હતા.

વલ્લભભાઈ પટેલના વિભાગ સાથે સંપર્ક રાખીને પોતાની ફરજ બજાવી રહ્યા હતા ત્યારે વડાપ્રધાન જવાહરલાલ નેહરુ તરફથી પ્રિન્સિપલ પ્રાઇવેટ સેક્રેટરી એચ.વી.આર આયંગરને અજમેર કોમી ઘટનાની સ્થિતિ તપાસવા માટે મોકલવામાં આવ્યા, એ સામે વલ્લભભાઈ પટેલે જોરદાર વિરોધ નોંધાવ્યો. ૨૨ ડિસેમ્બર ૧૯૪૭ના રોજ શંકર પ્રસાદે સરકારના અંગત સચિવ વી. શંકરને લખેલા પત્રમાં આયંગારની અજમેર મુલાકાતથી લોક નજરમાં પોતાની છબી નબળી પડી અને અપતિષ્ઠા થઈ, એવું દુ:ખ વ્યક્ત કરતાં નોંધ્યું પણ ખરું" સરકારી નોકર તરીકે મને જાણ છે કે સરકારના નિર્ણયો અંગે પ્રશ્ન ઉઠાવવાનો મને કોઈ અધિકાર નથી, અને હુ એવું કરવા પણ ઈચ્છતો નથી. મારી વ્યક્તિગત પ્રતિષ્ઠા અને હોદ્દા અંગેની મને ખેવના છે એટલે આ મુદ્દે સરકારી પ્રત્યાઘાત જોતો નથી. જોકે મારી કામગીરીમાં અવિશ્વાસ પેદા થાય તેવું મેં શું કર્યું કે એની મારા ઉપરી અમલદાર મારફત તપાસ કરાવવાની જરૂર ઊભી થઈ? કમસેકમ એ જણાવવાનો મને અધિકાર હોય એવું લાગે છે.

VOICE OF UNITY: Sardar Vallabhbhai Patel and the Making of Modern India
Dr. Ashish Paatiwala & Ms.Shital Koisa
ISBN: 978-81-991164-9-8 DOI: https://doi.org/10.64328/978-81-991164-9-8-9
*Young India Publication, Gandhinagar, Gujarat*

આ બાબતનો વિવાદ ભારતના વડાપ્રધાન અને ગૃહ પ્રધાન વચ્ચે ઉગ્ર પ્રત્યાઘાતો સર્જનારો નીવડ્યો અને જવાહરલાલ નહેરુએ વલ્લભભાઈ પટેલ ને લખ્યું કે, "મારે વડાપ્રધાન તરીકે ચાલુ રહેવું હોય તો મારી સ્વતંત્રતા ઉપર પ્રાંબંધી મૂકવામાં આવે એ ચલાવી લેવાય નહીં. મને નિર્દેશ આપવાની મોકળાશ હોવી જોઈએ, અન્યથા વધુ યોગ્ય એ લેખાય કે હું નિવૃત થાઉં. સરદાર વલ્લભભાઈ પટેલે તે પત્રના અનુસંધાને રોકડું પડખાવ્યું કે,' તમારે રાજીનામાં આપવાનો કે, તમારા કામ ઉપર અંકુશ મુકવાનો કોઈ પ્રશ્ન પેદા થતો નથી. પરંતુ તમે જ્યારે બીજા મંત્રીના અધિકાર ક્ષેત્રમાં દબાણ કરો ત્યારે મારા જેવા માટે કામ કરવાનું અશક્ય બની જાય છે' વલ્લભભાઈ પટેલ સનદી સેવાના અધિકારીઓને માત્ર માલિકો (રાજકીય સત્તાધીશો)ના આદેશોનું પાલન કરનારા સેવકોને બદલે વહીવટી જવાબદારી ઉપાડવામાં ભાગીદાર ગણવાનું પસંદ કરીને રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારી બાબતે જાગૃત કર્યા. તેમનામાં વિશ્વાસ મૂક્યો અને તે પારસ્પરિક વિશ્વાસ સરદાર વલ્લભભાઈ પટેલ જીવ્યા ત્યાં સુધી ટકી શક્યો એ વાત સરદાર પટેલનો પડછાયો બનીને કાર્યરત રહેલા સંરક્ષણ સચિવ (૧૯૪૮ - ૧૯૫૦) શ્રી એચ. એમ. પટેલ તેમજ દેશી રાજ્યોનું વિલીનીકરણ કરવાના મહાયજ્ઞમાં સતત વલ્લભભાઈ પટેલના પડખે રહેલા વી.પી. મેનન જેવા એમના સચિવ કે પછી એચ. વી. આર. આયં ગાર જેવા ગૃહ સચિવે વારંવાર જણાવ્યું છે અને પોતાના સંસ્મરણોમાં નોંધ્યું પણ છે.

વલ્લભભાઈ પટેલ પોતાના અંગત સચિવ વી. શંકરને જોશની રાષ્ટ્રવાદી ગઝલ પેશ કરવાની ફરમાઈશ કરતા. દિલ્હીના યુનાઇટેડ કોફી હાઉસના માલિક કિશનલાલને ઘેર જોશ મલીહાબાદીની વિશેષ ઉપસ્થિતિમાં ફિરાક ગોરખપુરી, આહિર લુધિયાનવી, કૈફી આઝમી અને મહેન્દ્રસિંહ બેદી

VOICE OF UNITY: Sardar Vallabhbhai Patel and the Making of Modern India
Dr. Ashish Paatiwala & Ms.Shital Koisa
ISBN: 978-81-991164-9-8 DOI: https://doi.org/10.64328/978-81-991164-9-8-9
*Young India Publication, Gandhinagar, Gujarat*

જેવા શાયરો શરીક થતા. ઉત્તર પ્રદેશના રાજ્યપાલ સરોજિની નાયડુએ જોશ મલિદાબાદીના નામની સરદાર વલ્લભભાઈ પટેલને ભલામણ કરેલી. થોડા ઘણા તુંડમીજાજી અને શરાબી એવા જોશને 'આજકલ'ના મુખ્ય સંપાદક તરીકે નિયુક્ત કરવાનો આદેશ અપાયો, પણ મહિનાઓ સુધી એમનો નિમણૂક પત્ર કાઢવાનું વિભાગના સચિવ એન. સી. મહેતાને સુજ્યું નહીં, એટલે વલ્લભભાઈ પટેલે એમને ખખડાવી નાખ્યા એટલું જ નહીં, દિલ્હી થી દુર હિમાચલ પ્રદેશમાં એમની બદલી કરી દીધી. કોઈ નોકરશાહ તેમના આદેશની અવગણના કરે કે અમલ કરવામાં વિલંબ કરે એ સરદાર વલ્લભભાઈ પટેલની ગમતું નહીં. જોશની નિમણૂકનો પત્ર તાત્કાલિક નીકળ્યો અને સરદાર નો આભાર માનવા માટે મળ્યા ત્યારે વલ્લભભાઈના માયાળુ સ્વભાવનો પરિચય થયો.

ભારતના ગવર્નર જનરલ રહેલા ચક્રવતી રાજગોપાલાચારીએ સરદાર વલ્લભભાઈ પટેલની સ્મૃતિમાં આકાશવાણી મુંબઈ તરફથી ૧૪ ઓગસ્ટ ૧૯૫૫ના રોજ આપેલા વ્યાખ્યાનમાં "સારા વહીવટ કર્તા" **(Good Administrator)** ગણાવ્યા છે. પ્રથમ પટેલ સ્મૃતિ વ્યાખ્યાન આપતા રાજાજીને બ્રિટિશ નોકરશાહી અને ભારતીય નોકરશાહી વચ્ચેની તુલના કરીને તેણે ભારતીય શાસકો અને પ્રજાને નિરાશામાંથી બહાર લાવવાનો પ્રયાસ કર્યો છે. રાજાજીના શબ્દો કંઈક આવા હતા," સેકડો વર્ષો પહેલા બ્રિટનમાં અધિકારીઓ, બિન કાર્યશ્રમ, બેદરકાર અને મહદ અંશે ભ્રષ્ટ હતા. આજે તેઓ કાર્યદક્ષ સારા જાણકાર અને ઊંચી નિષ્ઠા ધરાવનાર છે. આપણા દેશમાં પણ આપણે આદર્શ ગણાય એવા અધિકારીઓની આશા અપેક્ષા જરૂર રાખી શકીએ. જો લોકતાંત્રિક રાજકારણ અને કોબી રાજકારણ તેમને મોકળાશથી કામ કરવા દે અને પ્રગતિ તથા તટસ્થતાને અવરોધે નહીં" વલ્લભભાઈ પટેલે બંધારણીય ખાતરીઓ અને

VOICE OF UNITY: Sardar Vallabhbhai Patel and the Making of Modern India
Dr. Ashish Paatiwala & Ms.Shital Koisa
ISBN: 978-81-991164-9-8 DOI: https://doi.org/10.64328/978-81-991164-9-8-9
*Young India Publication, Gandhinagar, Gujarat*

સુરક્ષા આપીને સનદી અધિકારીઓમાં સ્થિરતા અને વિશ્વાસ નિર્માણ કર્યો. તેમની પાસેથી કાર્યક્ષમ શિસ્તબદ્ધ અને સંતોષજનક કામ લેવા માટે અને તેઓ પ્રામાણિકપણે તાનાશાહીને બદલે લોકશાહી શાસન વ્યવસ્થાના વહીવટી તંત્રમાં નિષ્ઠા અને પ્રામાણિકતાથી કામ કરે. એવી અપેક્ષા તેમની પાસેથી રાખી હતી.

૩૦ એપ્રિલ ૧૯૪૮ના રોજ સનદી સેવાઓ માટેની બંધારણીય જોગવાઈઓનો પ્રશ્ન પ્રધાનમંત્રીની બેઠકમાં ચર્ચા માટે આપવાનો હતો ત્યારે વલ્લભભાઈએ વડાપ્રધાન જવાહરલાલ નેહરૂને ૨૭ એપ્રિલે જે નોંધ મોકલાવી હતી તેમાં કેન્દ્ર અને પ્રાંતિક સરકારોના કર્મચારીઓને જે સલામતી અધિકારો પ્રદાન કરવાની જરૂરિયાત હતી. તેની વિગતવાર ચર્ચા કરી છે. સરદાર વલ્લભભાઈ આ પત્રમાં સ્પષ્ટ નોંધે છે કે સનદી સેવકો મહેનતુ અને પ્રામાણિક રહીને કામ કરે તે માટે તેઓ સેવામાં સંતુષ્ટ અને સુરક્ષિત અનુભવ કરવા જોઈએ. તેમની દ્રષ્ટિએ વહીવટી તંત્ર કાર્યસમ અને શિસ્તબદ્ધ હોવું અનિવાર્ય છે. બંધારણ સભામાં ૧૦ ઓક્ટોબર ૧૯૪૯ના રોજ જ્યારે અખિલ ભારતીય સનદી સેવા અને આઈ સી એસ અધિકારીઓ વિશે ચર્ચા થઈ ત્યારે વડાપ્રધાન જવાહરલાલ નેહરૂ સહિતના ઘણા બધા વરિષ્ઠ સભ્યોએ સનદી અધિકારીઓને બંધારણીય સુવિધાઓ અને વચનોની જોગવાઈ કરવા સંદર્ભે વિરોધ નોંધાવ્યો અને તેમની દેશભક્તિ અને રાષ્ટ્રનિષ્ઠા તેમજ કર્તવ્ય નિષ્ઠા અંગે શંકા કુશંકા વ્યક્ત કરી ત્યારે લોહપુરુષ વલ્લભભાઈ પટેલે કહ્યું હતું : " તેમના માંના ઘણા બધા સાથે મારે કામ કરવાનો પ્રસંગ આવ્યો છે એટલે ની:સંકોચપણે કહી શકું છું કે તેઓ મારા જેટલા જ દેશભક્ત, રાષ્ટ્રનિષ્ઠ અને કર્તવ્ય નિષ્ઠ છે. તેઓ વહીવટી તંત્રના જવાબદાર અંગ અને વાહકો છે. તેમને દૂર કરવામાં આવતા સમગ્ર દેશમાં અંધાધુંધીનું ચિત્ર ઉપસતુ મને જોવા મળે છે." સરદાર વલ્લભભાઈ

VOICE OF UNITY: Sardar Vallabhbhai Patel and the Making of Modern India
Dr. Ashish Paatiwala & Ms.Shital Koisa
ISBN: 978-81-991164-9-8 DOI: https://doi.org/10.64328/978-81-991164-9-8-9
*Young India Publication, Gandhinagar, Gujarat*

પટેલના આવા મત સામે બંધારણ સભામાં કોઈનો વિરોધ ટકી શક્યો નહીં અને બંધારણમાં અનુચ્છેદ ૨૮૩ - (એ) ને સર્વાનુંમતે ઉમેરવામાં આવ્યો હતો. બંધારણમાં અનુચ્છેદ ૩૧૧ અન્વયે રાજકારણીઓ અથવા તો રાજકીય શાસકો સનદી અધિકારીઓને સજા કરે તો મુકરર કરેલ જોગવાઈ ઉપરાંત અનુચ્છેદ ૩૧૪ અન્વયે સરદાર પટેલે સિવિલ સેવામાંના અધિકારીઓને જે ખાતરી આપી હતી તે મુજબ જોગવાઈઓ અને વિષેશાધિકારોનો સમાવેશ કરવામાં આવ્યો.

**સમાપન :**

વલ્લભભાઈ પટેલે સનદી સેવાના અધિકારીઓને બંધારણીય દરજ્જો આપી રાષ્ટ્ર સેવામાં જોડવા માટે આહવાન કર્યું. અનેક લોકોના વિરોધ વચ્ચે તેમણે સિવિલ સર્વિસને વહીવટી કુશળતા માટે અનિવાર્ય સમજી હતી. દુશ્મનને પણ રાષ્ટ્રના હિતમાં મિત્ર બનાવવાની જાદુઈ શક્તિ ધરાવતા વલ્લભભાઈ પટેલ માટે સનદી અધિકારીઓ દુશ્મન હતા. પરંતુ તેમને તેમની સાથે સમયના અંતરે રચનાત્મક અભિગમ દાખવીને ખભે ખભા મિલાવીને કામ કર્યું. જેના કારણે વિશ્વાસ સંપાદિત થયો. વલ્લભભાઈ પટેલે આઈ. સી .એસ અને આઇ.પી ને સમકક્ષ આઈ.એ. એસ અને આઈ.પી.એસ સેવાનો શુભારંભ કરાવવા માટે છેક ૧૯૪૬માં પ્રાંતિક સરકારોની પ્રાઇમ મિનિસ્ટરોની પરિષદ યોજીને સર્વ સંમત સમર્થન મેળવી લીધું હતું. તે તેમની દીર્ઘદ્રષ્ટિનો પરિચય કરાવે છે. સનદી અધિકારીઓ કહ્યા ગરા નોકરો બની ન રહે અને રાષ્ટ્રના હિતના સાચા કસ્ટોડિયન તરીકે કાર્યરત રહે એવી અપેક્ષા વલ્લભભાઈ પટેલે રાખી હતી.

સનદી અધિકારીઓ કોઈપણ રાજકીય પ્રક્ષા પક્ષીથી પર રહીને તટસ્થ રહીને રાષ્ટ્રની સેવા કરે એ તેમને અભિપ્રેત હતું. વલ્લભભાઈ પટેલે પોતાના સચિવને પણ પોતાનો મત ભય કે સ્વાર્થ વિના લેખિતમાં પોતાની સમક્ષ રજુ


ISBN: 978-81-991164-9-8 DOI: https://doi.org/10.64328/978-81-991164-9-8-9
*Young India Publication, Gandhinagar, Gujarat*

કરવાની મોકળાશ આપી હોવાનું બધાને જણાવ્યું હતું. એ બાબત રાષ્ટ્રના હિતમાં હોવાની તેમણે કરી હતી. સનદી અધિકારીઓ ભ્રષ્ટાચાર અને ઉદ્ધતાઈ ભર્યું વર્તન દાખવે નહીં અને કાર્યસમ રીતે કામ કરતા રહે તે માટે રાજકીય શાસકો તેમને મનસ્વીપણે દંડિત કરે નહીં અને સંતોષજનક પગાર તથા સુવિધાઓ તેમને મળતી રહે તે માટે બંધારણમાં વિશેષ જોગવાઈઓ કરવાનો વલ્લભભાઈ પટેલનો આગ્રહ બંધારણ સભાએ સ્વીકાર્યો હતો.

સરદાર પટેલને રાષ્ટ્ર નિર્માણમાં સનદી અધિકારીઓની યોગદાનની ક્ષમતામાં પૂરેપૂરો ભરોસો હતો અને તેમની નિષ્ઠા અને રાષ્ટ્ર પ્રત્યેના સમર્પણ ભાવમાં પણ શ્રદ્ધા હતી. સરદારની સાથે જે અધિકારીઓએ કામ કર્યું તે બધા અધિકારીઓમાં તેમણે વિશ્વાસ મૂકીને તેમને કામ કરવા દેવાની છૂટ આપી. એટલું જ નહીં, તેમને પોતાના કરતા જુદો મત ધરાવતા અધિકારીઓને પણ એ પ્રમાણેની નોંધ રજૂ કરવાની મોકળાશ આપી હતી. એટલે પંડિત જવાહરલાલ નેહરુ સહિત વરિષ્ઠ કોંગ્રેસીઓ કરતાં વલ્લભભાઈ પટેલનો મત જુદો પડતો હતો. અને જ્યારે ૧૫ ડિસેમ્બર ૧૯૫૦ના રોજ સરદાર વલ્લભભાઈ પટેલનું અવસાન થયું તેના બીજા દિવસે વરિષ્ઠ અધિકારી આઈ. સી .એસ ગીરજાશંકર બાજપાઈ ના અધ્યક્ષ સ્થાને વલ્લભભાઈ પટેલને શ્રદ્ધાંજલિ આપવા માટે ૧૫૦૦ (પંદર સો) અધિકારીઓની સભા મળી. એ ઘટના સરદાર પટેલનું ઇન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ કરતા અધિકારીઓએ તેમની કામગીરી જોઈ હતી અને સિવિલ સર્વિસના જનક તરીકે વલ્લભભાઈ પટેલ અધિકારીઓ માટે કાયમનું સંભારણું બની ગયા. આ સભામાં તમામ અધિકારીઓએ ભારતની સેવા પૂર્ણ વફાદારીથી અને અત્યંત ઉત્સાહથી બચાવવાના શપથ લીધા હતા.

VOICE OF UNITY: Sardar Vallabhbhai Patel and the Making of Modern India
Dr. Ashish Paatiwala & Ms.Shital Koisa
ISBN: 978-81-991164-9-8 DOI: https://doi.org/10.64328/978-81-991164-9-8-9
*Young India Publication, Gandhinagar, Gujarat*

વલ્લભભાઈ પટેલ રચનાત્મક અભિગમ અને સેવાના પ્રકલ્પથી દેશમાં આફતોમાં અવસર ઉભો કરીને રાષ્ટ્ર સેવાનું ભગીરથ કાર્ય કર્યું. સનદી અધિકારીઓ દ્વારા વહીવટી માળખું ગતિશીલ બનાવવામાં તેમણે પાયાનું કામ કર્યું. રાષ્ટ્રની પ્રગતિ અને વિકાસની વણથંભીયાત્રા વિસ્તૃત કરવા માટે સિવિલ સર્વિસ અનિવાર્ય છે તેવું લોહપુરુષ અચૂક જાણતા હશે. સરદાર પટેલ રચનાત્મક અભિગમ થકી રાષ્ટ્રનો પારદર્શક વહીવટ થાય અને પ્રજાનું કલ્યાણ થાય તે માટે સિવિલ સર્વિસને અગ્રીમતા આપી હશે તે નિર્વિદિત છે.

## સંદર્ભ સૂચી

ગાંધી, રાજમોહન, સરદાર પટેલ એક સમર્પિત જીવન, પૃ.૫૦૨

હિન્દુસ્તાન ટાઈમ્સ,૧૧/૧૦/૧૯૪૯

તા.૧૦/૧૦/૧૯૪૯ના રોજ જી.એચ. નાંદુરકર (સંપા.), જન્મ શતાબ્દી ગ્રંથ (૩) પૃ.૧૨૨ -૩૦

પી. એન. હરકર, પ્રીમોનિસન્સ ઇન્ટરપ્રેસ, મુંબઈ ૧૯૭૯

જી. એચ. નાંદુરકર (સંપા) ,જન્મ શતાબ્દી ગ્રંથ (૧) માં એચ. એમ. પટેલ, પૃ.૧૪૩

એચ એમ પટેલ, પા.૧૮ - ૨૦ અને ૨૯૩-૨૯૮, એચ ડબલ્યુ હોડસન ધ ગ્રેટ ડિવાઇન, પા.૨૯૯-૩૦૦, એલન કેમ્પબેલ જોન્સન મિશન વિથ માઉન્ટબેટન, પા.૨૮૨, સરદાર પટેલ કોરસ્પોંડન્સ ૧૦ માં સી.એસ. વેંકટાચર, એચ. એમ. પટેલ, એચ. વી.આર. આયંગર અને શંકર પ્રસાદની આકારણી, પા.૪૨ થી ૪૫ અને એસ. આર. મહેશ્વરી, ઓલ ઇન્ડિયા સર્વિસીઝ પાન. ૪૯-૫૭

VOICE OF UNITY: Sardar Vallabhbhai Patel and the Making of Modern India
Dr. Ashish Paatiwala & Ms.Shital Koisa
ISBN: 978-81-991164-9-8 DOI: https://doi.org/10.64328/978-81-991164-9-8-9
Young India Publication, Gandhinagar, Gujarat

Arora, Ramesh. K. Goyel, Rajni, Indian Administration Institutions and Issues, New International pvt Ltd, New Delhi, Report 2014,p. 455

એજન, પૃ.૪૫૬

અંકિત પટેલ, ભારતીય સનદી સેવાના સંસ્થાપક: સરદાર પટેલ, પૃ.૭૪

એજન, પૂર્વોક્ત, પૃ.૪૫૬

જાડેજા, દિલાવરસિંહ, ત્રિવેદી, રમેશ એમ, મુખરજી, સુધીર (સંપા.) એચ. એમ. નો અક્ષરદેહ, સવિતા મેમોરિયલ ટ્રસ્ટ વલ્લભ વિદ્યાનગર, પહેલી આવૃત્તિ ૨૦૦૩, પૃ.૧૨૩

Constitutent Assembly Debates (CAD), Volk, Lok Sabha Secretariat, New Delhi, p. 49

દેસાઈ, હરી, રાષ્ટ્રનાયક સરદાર પટેલ, અર્બુદા પ્રતિષ્ઠાન, અમદાવાદ પ્રથમ આવૃત્તિ ૨૦૧૫, પૃ.૪૧

Contitutent Assembly Debates op.cit,p. 52

એજન, પૂર્વોક્ત, પૃ.૫૧

એજન, પૂર્વોક્ત, પૃ.૮૨

તા.૨૬/૫/૨૦૧૬ના રોજ પી.કે.લહેરી સાહેબે વ્યક્ત કરેલો અભિપ્રાય

Chopra, Prabha, op. Cit, p. 38

એજન, પૃ.૩૧

એજન, પૃ.૩૨

એજન, પૃ.૩૩

એજન, પૃ.૩૪

એજન, પૃ.૫૪

VOICE OF UNITY: Sardar Vallabhbhai Patel and the Making of Modern India
Dr. Ashish Paatiwala & Ms.Shital Koisa
ISBN: 978-81-991164-9-8 DOI: https://doi.org/10.64328/978-81-991164-9-8-9
*Young India Publication, Gandhinagar, Gujarat*

એજન, પૃ.૫૫

એજન્, પૃ.૫૯

એજન, પૃ.૬૦

એજન, પૃ.૬૨

એજન, પૃ.૬૪

એજન, પૃ.૧૦

હરી, દેસાઈ, પૂર્વોક્ત, પૃ.૨૫-૨૬

Patel Memorial Lectures (Combined 1955-1985), Ministry of Information and Broddcasting Government of India, New Delhi Sep. 1990, P. 8

Chopra, Prabha, op cit, p. 5

ગાંધી, રાજમોહન, પૂર્વોક્ત, પૃ.૫૦૭

VOICE OF UNITY: Sardar Vallabhbhai Patel and the Making of Modern India
Dr. Ashish Paatiwala & Ms.Shital Koisa
ISBN: 978-81-991164-9-8 DOI: https://doi.org/10.64328/978-81-991164-9-8-9
*Young India Publication, Gandhinagar, Gujarat*